# સ્નેહ કદી મરતો નથી...

**શિયાળાની ઠંડીમાં હૂંફાળી રજાઈ ઓઢીને લોપા પથારીમાં સૂતી છે, પણ નીંદર આવતી નથી. ચોમેર રાત્રિની નીરવતા છે. બહારથી ક્યાંય અવાજ નથી પણ મનનો કોલાહલ લોપાને ઊંઘવા દેતો નથી. પરંતુ કેમ આ કોલાહલ? ઢળતી ઉંમરે સ્વસ્થ થવાના બદલે લોપા કેમ આટલી ઉદ્વેગપૂર્ણ બની ગઈ છે? ક્યાં ગયાં એની સાહજિક પ્રસન્નતા અને સ્વાભાવિક ઉત્સાહ?**



**અવંતિકા ગુણવંત** . aarpar@gmail.com

શિયાળાની ઠંડીમાં હૂંફાળી રજાઈ ઓઢીને લોપા પથારીમાં સૂતી છે, પણ નીંદર આવતી નથી. ચોમેર રાત્રિની નીરવતા છે. બહારથી ક્યાંય અવાજ નથી પણ મનનો કોલાહલ લોપાને ઊંઘવા દેતો નથી. પરંતુ કેમ આ કોલાહલ? ઢળતી ઉંમરે સ્વસ્થ થવાના બદલે લોપા કેમ આટલી ઉદ્વેગપૂર્ણ બની ગઈ છે ? ક્યાં ગયાં એની સાહજિક પ્રસન્નતા અને સ્વાભાવિક ઉત્સાહ ?

જ્યારથી લોપાએ એના ભાઈને લકવા થયાનું સાંભળ્યું છે ત્યારથી એ જાણે શૂન્યમનસ્ક બની ગઈ છે. સુદીપ લોપાની વ્યથા જોઈ રહ્યો છે.

કેટલાંક વરસોથી લોપા અને એના નાના ભાઈ સિદ્ધાર્થના હેતમાં પાનખર આવી ગઈ છે. ભાઈબહેનનો સંબંધ જાણે જડમૂળથી નાશ પામ્યો છે. લોપા કદી વારતહેવારેય ભાઈનું નામ ઉચ્ચારતી નથી. ભાઈને યાદ કરીને નિસાસો નાખતી નથી.

આ સંતાપ કેમ? જો સંબંધ જ નથી રહ્યો તો એની પીડા લોપાને કેમ પીડે છે?

લોપા એની પોતાની જાતને પૂછી રહી છેઃ ભાઈની પીડા મને આટલી વ્યથિત કરે છે. દિવસે હું શાંતિથી ખાઈ નથી શકતી, રોજિંદી પ્રવૃત્તિઓ નથી કરી શકતી અને રાત્રે શાંતિથી ઊંઘી નથી શકતી તોય ભાઈ પાસે દોડી કેમ નથી જતી ? એના માથે હાથ ફેરવીને રોગ સામે લડવાની હિંમત કેમ નથી આપતી?

આ પહેલાં તો જ્યારે જ્યારે એ માંદો પડ્યો છે ત્યારે મેં જ એની ચાકરી કરી છે. જ્યારે હું માત્ર બાર વરસની હતી અને એ આઠ વરસનો હતો ત્યારે એને એક મોટો અકસ્માત થયો એમાં એનો જીવ બચી ગયો હતો પણ નાની મોટી કેટલીય ઈજાઓ થઈ હતી જેથી તાત્કાલિક ઓપરેશન કરવું પડયું હતું. ડોક્ટરે કહ્યું હતું આ એક ઓપરેશને નહિ પતે બીજા ત્રણ ચાર ઓપરેશનો કરવાં પડશે અને પછી ફિઝિયોથેરપીની કસરતો ચાલશે. સિદ્ધાર્થ માટે પુનઃ હરતા ફરતા થવાનો પંથ ખૂબ લાંબો હતો. આઠ વરસનું નાચતું કૂદતું બાળક પથારીમાં જડાઈ રહે ત્યારે એની મનોયાતનાની કલ્પના જ ન આવે. વળી, જાત જાતના દુખાવા અને ઈંજેકશનો ભોગવવાની પીડા , બીજી કેટલીય નળીઓ શરીરમાં દાખલ કરી હોય. એની તકલીફો અને વહાલા દીકરાની આવી બેહાલી જોઈને મારા બાબાપુજી તો બહાવરાં બની ગયાં હતાં.

સિદ્ધાર્થ હોસ્પિટલમાં સ્પેશિયલ રૂમમાં હતો. રાત દિવસની નર્સો રાખી હતી પણ નર્સોને તો એ પોતાની પાસેય આવવા દેતો નહિ. હું સિદ્ધાર્થને વીરતા અને પરાક્રમોની વાર્તા કહું. સિદ્ધાર્થ વાર્તારસમાં બરાબર ગરકાવ થઈ જાય ત્યારે નર્સ આવીને આવશ્યક ટ્રીટમેન્ટ સિદ્ધાર્થને આપતી ત્યારે જો સિદ્ધાર્થ વિરોધ કરે કે બૂમાબૂમ કરે તો હું વાર્તા કહેવાની અટકાવી દેતી અને કહેતી જો તું ટ્રીટમેન્ટ નહીં લે તો હું જાઉં છું, તરત એ નરમ પડી જતો ને નર્સને એનું કામ કરવા દેતો.

સતત ત્રણ ચાર મહિના સુધી હું એની સાથે રહી. ક્યારેક મિયાં ફૂસકી, અડુકિયો દડુકિયો, ગલબો શિયાળ, બીરબલ અને અકબરની ચાતુર્યભરી રમૂજી વાર્તાઓ કહેતી, તો ક્યારેક ધાડપાડુઓ અને ચોરની વાતો કહેતી. ક્યારેક એક ઈડરનો વાણિયો ઘુળો એનું નામ જેવા ગીતો ગવડાવતી. રમણલાલ સોની, જીવરામ જોષી અને મેઘાણીની લોકવાર્તાઓ અને લોકગીતો સંભળાવીને એને જુદી જ દુનિયામાં લઈ જતી, જ્યાં પીડા, ઉંહકારા કે આંસુ. ચીસો અને બૂમાબૂમ ન હતાં. એને બેસવાની રજા મળી પછી અને હું ચિત્રો દોરાવતી. એનું મન પ્રસન્ન રહે માટે હું જાતજાતના ઉપાયો અજમાવતી. હું જરાય થાકતી નહિ કે કંટાળતી નહિ.

મારામાં એટલી સમજ અને પરિપક્વતા આવી ગયાં હતાં કે સરખે સરખી બહેનપણીઓ જોડે રમવા જવાનુંય ભૂલી ગઈ હતી. સ્કૂલે જાઉં એટલો વખત બાદ કરીને બધો વખત સિદ્ધાર્થ પાસે જ હું રહેતી.

આના લીધે મારાં બાબાપુજીના જીવનેય શાંતિ રહેતી. બા એક ચિત્તે માળા ફેરવ્યા કરતી. સિદ્ધાર્થને જાતજાતની વાતો કહીને હું ખવડાવતી અને શું ખાવાથી વિટામિન્સ મળે અને તાકાત આવે એની વાતો કરતી. તેથી એ હોંશથી જમે. તે વખતે મારા ભાઈલા સિવાય બીજું કશું મને દેખાતું નહિ.

મારો અભ્યાસ પૂરો થયો. મારા લગ્ન થયા અને મારો અલગ સંસાર આરંભાયો ત્યારેય સિદ્ધાર્થ રોજ મારા ઘેર આવતો. મારી પાસે બેસીને એ વાંચે, મારી સાથે કેટકેટલી વાતો કરતો જાણે મારા સિવાય દુનિયામાં બીજું કાંઈ એના માટે છે જ નહીં. એને મારા વગર ગમતું નહિ.જાણે કે મારું ઘર એનું ઘર બની ગયું હતું. એ કોલેજમાં હતો ને એને ટાઈફોઈડ થયો ત્યારે ઘર અને મારા દીકરા આર્ષની જવાબદારી સુદીપના માથે નાખીને હું દોડી હતી. સિદ્ધાર્થ પાસે કોઈ ફરજના ભાનથી કે કોઈના દબાણ હેઠળ આવીને નહીં પણ હે મારો ભાઈલો માંદો છે એમ ફાળ પડી ને હું દોડી ગઈ હતી. બરાબર એક મહિનો ત્યાં રહી હતી.

એ સમયે ફરી વાર મારો ભાઈલો મારે માટે આઠ વર્ષનો નાનકડો બાળુડો બની ગયો હતો ને હું બાર વર્ષની એની મોટી બહેન, ત્યારે સુદીપ કે મારા દીકરા આર્ષની કોઈ ચિંતા મને નહોતી. લોપાને ભાઈની માંદગી સિવાય બીજું સૂઝતું નહિ અને આ રીતે કલાકો સુધી લોપાનો પોતાની જાત સાથે સંવાદ એ પોતાની જાતને પૂછતી. પહેલાં સિદ્ધાર્થની એ બીમારીઓ મને બેબાકળી બનાવી મૂકતી પણ આજે મારો એ ભાઈ જડ લાકડા જેવો થઈને પથારીમાં પડ્યો છે ત્યારે કેમ હું ત્યાં દોડી નથી જતી? મારા હૈયે ચિંતાના ઓઘ કેમ નથી ઉમટતા ? મારું હૃદય દ્રવી કેમ નથી ઊઠતું ? કેમ મારી આંખમાં આંસુ નથી



**સિદ્ધાર્થના માથે હાથ ફેરવીને આંસુભર્યા અવાજે એ બોલી ભાઈ ઝટ સાજો થઈ જા. સિદ્ધાર્થ ફાટી આંખે પોતાની મોટી બહેનને જોઈ રહ્યો. એની વાચા તો ક્યારની હણાઈ ગઈ હતી પણ એની શૂન્ય આંખોએ એની આપવીતી કહી દીધી.**

ધસી આવતાં? જીવ આકુળવ્યાકુળ નથી થઈ ઊઠતો ? કેમ કેમ આ બદલાવ ?

ભાઈના લગ્ન થયાં. એના જીવનમાં જે પાત્ર આવ્યું એનામાં સંવેદનશીલતાની ઊણપ અને લોભી લાલચુ અને સ્વાર્થી માનસ, હૃદય મનમાં સંસ્કારિતાના નામે શૂન્યાવકાશે ભાઈને જાણે હણી જ નાખ્યો. ભાઈ એક રોબોટ બની ગયો ત્યારથી અમારા ભાઈબહેનનો સંબંધ કથળ્યો. ભાઈનો બાબાપુજી સાથેય સંબંધ બગડ્યો. એ નવા પાત્રે કેટલીય વાર મને વાણી અને વર્તનથી આઘાત આપ્યા. એ પાત્રની ક્ષુદ્રતાએ માણસાઈની બધી સીમા ઉલ્લંઘી અને કદાચ ભાઈ એટલે જ લાકડા જેવો જડ બની ગયો છે.

ભાઈને રાતોરાત આ બીમારી નથી આવી. કંઈ કેટલીય વાર એ ઘવાયો હશે, અપમાનિત થયો હશે. એની જીવનસંગિનીની નિષ્ઠુરતાથી અને કંકાસની ઉડતી ઉડતી કેટલીય વાતો મારા કાને આવતી હતી પણ એ ઘેર મને પ્રવેશ ન હતો. મારા જ બાપના ઘેર જ્યાં હું જન્મી, હું મોટી થઈ એ ઘેર તો વાઘણનો વસવાટ હતો. ભાઈ હવે ભાઈ નહોતો રહ્યો. દીકરો નહોતો રહ્યો. એ માણસ જ મટી ગયો હતો.તેથી ત્યાં જવાની મારી શું અમારા કોઈ સગાનીય હિંમત ન હતી. આવી લાચારીથી હું રડી ઊઠતી. સુદીપ પાસે હું રડતી ત્યારે સુદીપ કહેતો હતો કે પાંચ હજાર વર્ષ પહેલાં જન્મેલા કંસનું હજી મૃત્યુ નથી થયું. પ્રાચીન સમયની દેવકી ભલે બંદીખાનામાં પુરાઈ રહી અને ક્ષણે ક્ષણે મરતી રહી પણ લોપા તું તો આધુનિક જમાનાની સ્ત્રી છે. જે સગાઈ મરી ચૂકી છે એ સગાઈને શું વળગી રહી છે ? મુક્ત થઈ જા.

ભાઈ સાથેના વીતેલા સંબંધો અને જૂની યાદોને ભૂલી જા. એ યાદો ઝેર છે જે તારા વર્તમાનને નષ્ટ કરી દેશે. એનો નિકાલ જ કરવો રહ્યો.

પતિની વાત મને સ્પર્શી અને મેં એક ઝાટકે ભાઈ સાથેના સંબંધની યાદોનો તંતુ કાપી નાખ્યો. એ પછી હું માનતી હતી કે ભાઈ સાથેના સંબંધનો અંત આવી ગયો છે તો પછી એની બીમારીના ખબર સાંભળીને આટલી બધી ચિંતા કેમ ? આટલો બધો અજંપો કેમ ? હું આટલી વલોવાયા કરું છું તો ત્યાં જવા પગ કેમ નથી ઉપડતો? પહેલાં તો વિચાર કર્યા વિના હું દોડી જતી હતી પણ હવે કોણ મને અટકાવે છે.

લોપાએ સુદીપને પૂછયું કે શું ભાઈએ હજી મારા હૃદયમાંથી વિદાય નથી લીધી ? અમારી વચ્ચે દેખીતો કોઈ સંબંધ રહ્યો નથી તોય અમે જોડાયેલાં છીએ ?

ત્યારે સુદીપે કહ્યું પ્રકૃતિ તરફ તું નજર કર, એક જ વૃક્ષના થડમાંથી બે ડાળીઓ ફૂટે છે. બેઉ ડાળીઓ જુદી જુદી દિશામાં આગળ વધે છે પછી તેઓ કદી ભેગી થતી નથી.

હા, ક્યારેક પવન આવે ત્યારે ડાળીઓ પવનના જોરના લીધે એકબીજા પર ઢળે પણ તેઓ એક નથી થતી કે ભેગી થઈને એક જ દિશામાં વધતી નથી. એક વખત એમના માર્ગ જુદા થયા પછી તેઓ કદી એક નથી થઈ શકતી પણ ડાળીઓ એનો શોક નથી કરતી. તે તો શાંતિથી ખીલે છે અને મહોરે છે.

લોપા તો તું શું કામ આટલી હલી ઊઠી છે. ગળગળા અવાજે લોપા બોલી એક વાર મારા ભાઈને જોઈ આવું ને એના માથે હાથ ફેરવી આવું તો મને શાંતિ મળશે. સુદીપ તું કહે તો હું જઈ આવું ? મને લાગે છે મારો સ્નેહ જડમૂળથી ઉખડી નથી ગયો પરંતુ ઊંડાણમાં તો એ પ્રેમ છે જ.

સુદીપ બોલ્યો નિસ્વાર્થ સ્નેહ કદી મરતો નથી. તું મનમાં ને મનમાં આટલું વલોવાયા ન કર. ચાલ આપણે બેઉ સિદ્ધાર્થને મળવા જઈએ. તારો સ્નેહાળ સ્વભાવ કાયમ એને સ્નેહ કરતો જ રહેશે.

હા સુદીપ તું મારી સાથે ચાલ. તું હશે તો મને હિંમત રહેશે. ત્યાંથી જાકારો મળશે કે અપમાન મળશે તોય હું અવિચલિત રહીશ અને લોપા સુદીપને લઈને એના ભાઈની ખબર જોવા ગઈ. સિદ્ધાર્થના માથે હાથ ફેરવીને આંસુભર્યા અવાજે એ બોલી ભાઈ ઝટ સાજો થઈ જા. સિદ્ધાર્થ ફાટી આંખે પોતાની મોટી બહેનને જોઈ રહ્યો. એની વાચા તો ક્યારની હણાઈ ગઈ હતી પણ એની શૂન્ય આંખોએ એની આપવીતી કહી દીધી.